વડીલોને વંદન અભિનંદન

યોગી રામદાસ રાવળ
(૧૯૫૪)મો.૮૮૬૬૦૯૦૯૩૭

ગાંધીનગરમાં ઠંડી ઘટી

ગાંધીનગર, તા.૩૦

છેલ્લા બે ત્રણ દિવસથી શીત લહેરની અસર તળે આવેલા ગાંધીનગરને આજે ઠંડીથી રાહત મળી છે. લઘુત્તમ તાપમાન વધીને ૧૩.૫ ડિ.સે. સુધી પહોંચ્યું હતું. જયારે મહત્તમ તાપમાન ૨૫.૫ ડિ.સે. રહ્યું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૮૯ ટકા અને સાંજે ૪૯ ટકા રહ્યું હતું. જો કે સતત ફુંકાતા ઠંડા પવનોના કારણે હજુ પણ વસાહતીઓને ઘરમાં જ પુરાઈ રહેવાની ફરજ પડે છે.

આસારામની પુત્રી-પત્ની સહીત સાધિકાઓની રીમાન્ડ અરજી નામંજૂર

બગલા અને ઢેલના પોલીસ રીમાન્ડ પણ નામંજૂર

ગાંધીનગર, તા.૩૦

સુરત યુવતિના યૌન શોષણ કેસમાં ઝડપાયેલા આસારામને મદદરૂપ થવાના કેસમાં તેમની પુત્રી અને પત્ની સહીત કુલ ૬ સહઆરોપીઓની રીમાન્ડ અરજી ખારીજ કરી દીધી છે. બલગા અને ઢેલ સહીત અન્ય બે સાધિકાઓની પોલીસ રીમાન્ડની અરજી કોર્ટે ગ્રાહ્ય રાખી નથી.

આસારામના કેસમાં સહઆરોપીઓ સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં આસારામના પત્ની લક્ષ્મીબેન અને પુત્રી ભારતીના પોલીસ રીમાન્ડ મેળવવા માટે ગાંધીનગરની કોર્ટમાં પોલીસે અરજી રજૂ કરી હતી. આ દરમિયાન બગલો અને ઢેલ ઉપરાંત આસારામની બે સાધિકાઓ જશી અને ક્રુવીબેનના પોલીસ રીમાન્ડ સંદર્ભે પણ કોર્ટ સમક્ષ અરજી રજૂ થઈ હતી. બંને પક્ષની દલીલોના અંતે ગાંધીનગરની સેકન્ડ એસ.ડી.કોર્ટના જજ વી.એ. બુધ્ધે આજે આસારામની પુત્રી અને પત્ની સાથે ૬ આરોપીઓના પોલીસ રીમાન્ડ અરજી નામંજૂર કરવાનો આદેશ કર્યો છે.

આરોપીઓના વકીલ તરીકે બી.એમ. ગુપ્તા અને સંજયસિંહ વાઘેલાએ દલીલો કરી હતી. કોર્ટે આ ચુકાદામાં નોંધ્યું હતું કે હાલના સંજોગો જોતા આરોપીએ બે નોટીસ વેળાએ હાજર રહી નિવેદનો પણ લખાવ્યા છે ત્યારે પોલીસ કસ્ટડીમાં સોંપી વધુ રીમાન્ડ મંજુર કરી શકાય નહીં. આસારામ કેસમાં સહઆરોપીઓની ત્રણ રીમાન્ડ અરજી કોર્ટે નામંજૂર કરવાનો હુકમ કર્યો છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરના જાણીતા રક્તદાતા સુકેતુ મહેતાએ આજે ૧૨૦મી વખત રક્તદાન કરી નગરમાં અનોખો વિક્રમ નોંધાવ્યો છે.
- ચાંદખેડા દેના બેંકના પૂર્વ મેનેજર શ્રી સુરેશભાઈ પટેલ ઓરિએન્ટલ બેંકના એકઝીકયુટીવ ડાયરેકટર તરીકે નિમાયા હાલ તેઓ સ્ટેટ લેવલ બેંકર્સ કમિટીના કન્વીનર તરીકે સેવાઓ આપી રહ્યા છે. ૧લી જાન્યુઆરીએ તેઓ તેમનો નવો હોદ્દો સંભાળનાર છે.
- ચેન્નાઈથી આજે અધિકારીઓની એક ટીમ ગાંધીનગર કલેકટર કચેરીના જનસેવા કેન્દ્રની સેવાઓના અભ્યાસ અંગે આવી હતી.
- ગાંધીનગર જિલ્લાના હિસાબી સેવાના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી ૪થી જાન્યુઆરીએ રજત જયંતિ ઉજવી રહી છે.
- યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના ચેરમેન ઉપકુલપતિ પરિષદમાં હાજરી આપવા આવી રહ્યાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર જિલ્લામાં જાન્યુઆરી માસ દરમિયાન લોકાર્પણના કાર્યક્રમો મોટા પાયે યોજવાનું આયોજન થઈ રહ્યું છે.
- ૨૬મીજાન્યુઆરીની ઉજવણી જિલ્લા કક્ષાની માણસા ખાતે થશે.

ખેલ મહાકુંભમાં પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થીની કુ. ઉર્વશી રાજપૂતે ૧૬ વર્ષ ઉપરની કુસ્તી સ્પર્ધામાં સતત બીજા વર્ષે ગોલ્ડ મેડલ મેળવી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. મેડલ મેળવી શાળાનું નામ રોશન કરવાથી ટ્રસ્ટી નરેશભાઈ શાહ, કૃષ્ણવદન પટેલ, આચાર્યા સ્વાતીબા રાઓલ અને શાળા પરિવારે હેતની હેલી વરસાવી શુભેચ્છા પાઠવી છે.

વહીવટી સેવાના ૬ અધિકારીઓને આઈએએસ બનાવાયા

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત વહીવટી સેવાના ૬ અધિકારીઓને સનદી સેવામાં નિયુક્ત કરતું જાહેરનામું આજે કેન્દ્ર સરકારે પ્રસિદ્ધ કરતાં ગેસ કેડરમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે જે અધિકારીઓની નિયુક્તિ થઈ છે તેમાં શ્રી પૂજારા, શ્રી મનોજ કોઠારી, ડૉ. ચૌધરી, શ્રી વિજયસિંહ વાઘેલા, શ્રી સતીશ પટેલ અને શ્રી એચ. કે. પટેલનો સમાવેશ થાય છે.

ભારત સરકાર તરફથી સનદી સેવામાં નિમણૂક અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દેતાં આ અધિકારીઓને હવે નવી નિમણૂક એકાદ-બે દિવસમાં આપવામાં આવશે તેમ રાજ્ય સરકારના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આગામી એક - બે દિવસમાં જ અધિકારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવશે. આ માટેની કવાયત આરંભી દેવાઈ છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશ્યલ વેલફેર, ગુજરાત દ્વારા સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ ગઈ કાલે રાજભવન ખાતે યોજાયેલ સમારોહમાં સમાજ સેવાનાં ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રદાન કરનાર પ્રતિભાઓનું 'ગ્લોરી ઓફ ગુજરાત' પુરસ્કારો અર્પણ કરી સન્માન કર્યું હતું.

ભાજપ લીગલ સેલમાં નિમાયા

ગાંધીનગર, તા.૨૬

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર પાલિકાના લીગલ સેલના કન્વીનીયર તરીકે જાણીતા એડવોકેટશ્રી અતુલભાઈ કે. પંડયા

તથા સહ કન્વીનીયર તરીકે સામાજીક કાર્યકરશ્રી અશ્વિન વી. ત્રિવેદી તથા સુરેશભાઈ પટેલ તેમજ કારોબારી સભ્ય તરીકે શ્રી દુષ્યંતભાઈ દેસાઈની ભારતીય જનતા પાર્ટી લીગલ સેલ ગુજરાત પ્રદેશના કન્વીનીયર શ્રી જે.જે. પટેલ તથા ગાંધીનગર મહાનગર પાલિકાના અધ્યક્ષશ્રી નિતીનભાઈ પટેલની સુચના તથા માર્ગદર્શનથી સરદરહુ નિમણુંક થતા બાર એસોસીએશન ગાંધીનગરના વડીલોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

અગોરા રેસીડેન્સીમાં સોસાયટીના વહીવટ મામલે ધિંગાણું

બંને પક્ષોએ સામ સામે અડાલજ પોલીસમાં ફરિયાદ નોંધાવી : ધિંગાણામાં છુટા હાથની મારામારી થતા કેટલાક લોકોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક સુઘડ ગામની સીમમાં આવેલ અગોરા રેસીડેન્સીમાં ગત રોજ સોસાયટીના વહીવટ અને હિસાબોના મામલે સોસાયટીના સભ્ય અને બિલ્ડર વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું. જેમાં બંને પક્ષો વચ્ચે મારા મારી થતા નાની મોટી ઈજાઓ પણ થવા પામી હતી. આ સંદર્ભે અડાલજ પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક સુઘડ ગામે થોડા સમય પહેલા અગોરા રેસીડેન્સી નામની રહેણાંક વસાહત ઉભી કરવામાં આવી છે. જયાં સોસાયટીના બિલ્ડરો તરફથી સોસાયટીના વહીવટની કોઈ પણ પ્રકારની માહિતી કે જૂના હિસાબો સોસાયટીના સભ્યોને આપવામાં આવ્યા નથી આથી સભ્યોએ સોસાયટીના ફન્ડીંગના મામલે હિસાબની માંગણી કરી હતી અને બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા ઘર્ષણ થયું હતું. જેમાં બંને પક્ષે છુટા હાથની મારામારી થતા કેટલાક લોકોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. પરિણામે આ સમગ્ર મામલે સોસાયટીના સભ્ય સુનિલ જુગલકિશોર રાયે બિલ્ડર પક્ષે આશિષ શાહ, મહેન્દ્રસિંહ શેખાવત, હેમેન્દ્રસિંહ રાઠોડ સહિત ૨૦ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી જયારે પક્ષે નિરંજન સિંહ ઘનારસિંહ પવારે પણ સુનિલ જુગલકિશોર રાય સહિત ૩ વ્યકિત સામે અડાલજ પોલિસમાં ફરિયાદ નોંધાવી હતી. અડાલજ પોલીસે બંને પક્ષોની ફરિયાદ લઈ તપાસ હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એચ.સી. રાઠવા ચલાવી રહ્યા છે.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ અમદાવાદ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત સમાજ દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ શિબિરમાં ૪૨ બોટલ રકત એકઠું કરી રેડક્રોસ સોસાયટીમાં આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના પ્રમુખ મગનભાઈ પટેલ જાવિયા અને પ્રકાશભાઈ વાછાણીએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

આંધ્રપ્રદેશના ભાજપ પ્રમુખ જી. રેડ્ડીએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી

આંધ્રપ્રદેશમાં પક્ષના સંગઠનને મજબુત બનાવવા ચર્ચા કરાઈ

ગાંધીનગર, તા.૩૦

આંધ્ર પ્રદેશના ભાજપ પ્રમુખ રેડ્ડીએ આજે મુખ્યમંત્રીની મુલાકાત કરીને આગામી લોકસભા ચૂંટણીની તૈયારી અંગે ચર્ચા વિચારણા કરી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આંધ્રપ્રદેશ ભાજપના પ્રદેશ પ્રમુખ જી. કિશન રેડ્ડી આજે એક દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા હતા. આ રોકાણ દરમિયાન તેમણે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત કરી એક બેઠક કરી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠક દરમિયાન આંધ્રપ્રદેશમાં ભાજપના સંગઠનને મજબુત બનાવવા માટે મુખ્યમંત્રી સાથે ચર્ચા કરીને માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું. આ ઉપરાંત આગામી દિવસોમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આંધ્રપ્રદેશનો પ્રવાસ કરનાર હોઈ તેમની કયા કયા સ્થળોએ જાહેર સભાઓ કરવાની છે એ અંગે પણ ચર્ચા વિચારણા કરીને તેની તૈયારી અંગે પણ રૂપરેખા આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભાજપે વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કર્યા હોઈ આંધ્રપ્રદેશમાં પ્રાદેશીક પક્ષો સાથે ગઠબંધન કરવું કે કેમ અને કરવું તો કયા પક્ષ સાથે ગઠબંધન કરવું એ અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા બાદ વિવિધ રાજયોના ભાજપના પ્રદેશ નેતાઓ આગામી લોકસભા ચૂંટણીની તૈયારી માટે ચર્ચા કરવા અને માર્ગદર્શન મેળવવા માટે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાતે આવવાનો દોર શરુ થયો છે.

એરફોર્સ રીક્રુટમેન્ટ રેલી

એરફોર્સમાં ઉજ્જવળ અને ગૌરવશીલ કારકીર્દી શોધતા ભરૂચ, દાહોદ, ડાંગ, નર્મદા, પોરબંદર, સુરેન્દ્રનગર, તાપી, વલસાડ, દમણ અને દીવ તથા દાદરા અને નગર હવેલીના યુવાનો માટે એરમેન સીલેકશન સેન્ટર, મુંબઈ દ્વારા તા. ૧૮-૧-૨૦૧૪ના રોજ ફકત ગ્રુપ-વાય (નોન ટેકનીકલ) (ઓટો. ટેકનીકલ, જી.ટી.આઈ., આઈ.એ.એફ (પી) તથા મ્યુઝીશીયન ટ્રેડ સિવાય) ની જગ્યાની ભરતી માટે જવાહર પોલીસ ગ્રાઉન્ડ સુરેન્દ્રનગર ખાતે એરફોર્સ રીક્રુટમેન્ટ રેલીનું આયોજન કરવામાં આવેલ છે. રેલીમાં ભરતી થવા ઈચ્છતા ઉમેદવારએ જગ્યાની શારીરિક તથા શૈક્ષણિક લાયકાત તથા ભરતી મેળાના વિગતવાર કાર્યક્રમ જાણવા માટે ભરૂચ, દાહોદ, ડાંગ નર્મદા, પોરબંદર, સુરેન્દ્રનગર, તાપી, વલસાડ રોજગાર કચેરીઓનો અથવા એરમેન સીલેકશન સેન્ટર મુંબઈ-૪૦૦૦૩૩નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. ઉપરાંત આ કાર્યક્રમની વધુ વિગતો રોજગાર અને તાલીમ કમિશનરીની કચેરી, ગાંધીનગરની વેબસાઈટ www.talimrojgar.org ઉપર પણ જોઈ શકાશે.

શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમિયાન ૭૪ લાખ બાળકોને આવરી લેવાયા

ગાંધીનગર, તા.૩૦

રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમિયાન અંદાજે ૭૪ લાખ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ હાલમાં રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંગેની વિગતો આપતાં રાજયના આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ દરમિયાન રાજયમાં અંદાજે ૭૪ લાખ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે ૭૪ લાખ પૈકી ૭.૨૬ લાખ બાળકોના આરોગ્યની ચકાસણી હોસ્પિટલમાં કરવામાં આવી છે. આરોગ્ય ચકાસણી દરમિયાન ૨૬ બાળકોને હૃદયરોગની પાંચ બાળકોને કીડનીની અને આઠ બાળકોને કેન્સરની બિમારી હોવાનું માલુમ પડયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમિયાન જે બાળકોને હૃદયરોગ જેવી મોટી બિમારીઓ હોય તેવા બાળકોને સરકારના ખર્ચે સારવાર આપવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ દરમિયાન એક બાળકને લીવરની બિમારી માલુમ પડી છે. આ બાળકને લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાવવું પડે તેમ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે ડીસેમ્બરમાં રાજય સરકાર દ્વારા રાજયની તમામ શાળાઓમાં આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે અને જરુર જણાય તો બાળકોને હોસ્પિટલોમાં પણ મોકલી સારવાર કરવામાં આવે છે.

શબ્દાવલી - ૫૨૭૩



આડી ચાવી

૧. કાગળ-કાપડ વગેરે કાપતા પડતો-કચરો (૪)
૩. સો, શતક (૨)
૫. એક મોટું ફળ (૪)
૭. મજૂરી, કામ (૪)
૮. રક્ષણ, રાખડી (૨)
૯. અવાજ, બોલ, વાણી (૩)
૧૦. ગળુ, ગરદન (૨)
૧૨. કવિ, શાયરી કરનાર (૩)
૧૪. સાજુસમુ, હયાત (૩)
૧૫. નસ, નાડી (૨)
૧૬. બેસવાની ગાદડી (૩)
૧૮. ભવિષ્ય કથન (૪)

ઊભી ચાવી

૧. જીર્ણજવર ને કારણે શરીરમાં થતો દુઃખાવો (૪)
૨. દયા, કૃપા (૩)
૩. શર્ત (૩)
૪. છાવણી (૨)
૫. શરીર (૨)
૬. ચર્ચા, વાતની ઉહાપોહ(૪)
૯. કોમ્પ્યુટરનો રોગ (૪)
૧૦. ઘરડા કાકા (૨)
૧૧. એક પક્ષી, પંખી (૪)
૧૩. હસવા જેવું કાર્ય (૩)
૧૬. કપડા ધોવાનો કિનારો, ઘાટ (૨)
૧૭. સરિતા (૨)

શબ્દાવલી ૫૨૭૨ના જવાબ

આડી ચાવી :-(૧) વિરાટ (૪) વિદિત (૬) માસ (૭) માખી (૯) ફાયર (૧૦) લત (૧૨) ગણ (૧૪) લાકડી (૧૬) ભાવ (૧૨) ગણ (૧૪) લાકડી (૧૬) ભાવ (૧૭) વડી (૧૮) સુખડ (૧૯) યોગ (૨૧) કાતરી (૨૨) ક્રૂર (૨૪) મળી (૨૫) આવડત

ઊભી ચાવી :- (૧) રામાયણ (૩) ટસર (૪) વિરલ (૫) તમા (૮) ખીચડી (૯) ફાગણ (૧૧) તલાવ (૧૩) વાવડ (૧૫) કડીયો (૧૬) ભાખરી (૧૮) સુતળી (૨૦) ગણિત (૨૧) કામ (૨૨) દુઆ (૨૩) રવ

પેટા ચૂંટણી

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

૩ બેઠકો પણ ખાલી પડી હોવાથી આ ૩ વોર્ડ બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાઈ રહી છે.

જિલ્લામાં પંચાયતોની પેટા ચૂંટણીને લઈ પંચાયતી રાજકીય વર્તુળોનો માહોલ ગરમાયો છે. જો કે પંચાયતોની ચૂંટણી પક્ષીય ધોરણે લડાતી નથી.

આ પેટા ચૂંટણીને પગલે આદર્શ આચાર સંહિતાનો પણ અમલ આજથી આરંભાયો છે. સરપંચની ચૂંટણી માટે ખર્ચ મર્યાદા નિયત કરાઈ છે અને તેનો અમલ પણ આ ચૂંટણીમાં થશે. ઉમેદવારોએ તેમના હિસાબ નિયત થયેલા અધિકારી સમક્ષ રજુ કરવાના રહેશે. આ પેટા ચૂંટણીમાં ઈ.વી.એમ. વાપરવામાં આવશે.

ટેસ્ટ કરાયો

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

નારાયણ સાંઈને ગાંધીનગર લઈ આવી હતી અને ગાંધીનગર સ્થિત એફએસએલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે વોઈસ સ્પેકટ્રોમીટર ટેસ્ટ કરાવ્યો હતો. આશરે આજે દોઢ કલાક સુધી આ ટેસ્ટ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. આ ટેસ્ટના આધારે આ લાંચ પ્રકરણમાં કોની સંડોવણી છે તે પ્રકાશમાં આવશે. બાદમાં પોલીસ દોઢ વાગે નારાયણ સાંઈને લઈ પરત સુરત જવા રવાના થઈ હતી.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપ્પી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (જાંબુ) મો. ૯૮૨૪૭૫૪૨૧૪
દિવાની ટાઈલ્સ
૨૭૦૨ અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ
તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર